NCS Code: 4321.0102, CCode: LG007

# ઈન્વેન્ટરી મેનેજર

ઈન્વેન્ટરી મેનેજર, ઈન્વેન્ટરી મેનેજમેન્ટને લગતા કાર્યોનું નિર્દેશન અને સંચાલન કરવા માટે જવાબદાર છે. તેઓ ઉત્પાદન યોજનાનું સંકલન અને આયોજન કરે છે, ઈન્વેન્ટરીનું વ્યવસ્થાપન કરે છે અને અંતિમ ઉત્પાદનનું આયોજન તૈયાર કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વસ્તુઓને વ્યવસ્થિત રાખવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે અન્ય લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- તમે નેતૃત્વ કરવાનું કૌશલ્ય ધરાવો છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧,૭૧,૦૦૦ થી ૧૬,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.



## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. (વાણિજ્ય પ્રવાહ ઈચ્છનિય છે.)

૨. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન/બિઝનેસ મેનેજમેન્ટમાં સ્નાતક (BBA / BBM) ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, તે જ વિષયમાં અનુસ્નાતક (MBA)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

ઈન્વેન્ટરી મેનેજરનું અંદાજીત માસિક વેતન રૂ. ૧૫,૨૦૦ થી ૮૩,૪૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Inventory_Manager/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઉત્પાદન એકમો, ખાનગી અને જાહેર ઉત્પાદન કંપનીઓ, ઈ-કોમર્સ કંપનીઓ, કુરિયર કંપનીઓ, નાના અને મોટા ઉદ્યોગો, કુટીર ઉદ્યોગો, શિપિંગ કંપનીઓ, સશસ્ત્ર દળો વગેરે

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્વેન્ટરી ક્લર્ક / એક્ઝિક્યુટિવ→ ઈન્વેન્ટરી સુપરવાઈઝર / આસિસ્ટન્ટ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈન્વેન્ટરી મેનેજમેન્ટ, મટિરિયલ મેનેજમેન્ટ, રો મટિરિયલ મેનેજમેન્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન/મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દીનદયાલ ઉપાધ્યાય કોલેજ, નવી દિલ્હી
૨. એચએનજીયુ, પાટણ
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી બરોડા, વડોદરા
૪. યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૫. ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ 'આઈ.આઈ.એમ.', રોહતક
૬. દૂન યુનિવર્સિટી, દેહરાદૂન
૭. ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સાયન્સ, સાવિત્રીબાઈ ફૂલેપુણે યુનિવર્સિટી
૮. વિરનર્મદા સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સુમન વિદ્યાપીઠ, વડોદરા
૨. સનરાઈઝ યુનિવર્સિટી, અલવર
૩. આર્મી ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, ગ્રેટર નોઇડા
૪. શરણબસવ યુનિવર્સિટી, ગુલબર્ગા
૫. આઈએલએએમ, અમદાવાદ
૬. ઓક્સબ્રિજ બિઝનેસ સ્કૂલ, બેંગલુરૂ
૭. કેજેઆઈએમ, મહેસાણા
૮. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ એક્સેલન્સ, બેંગલુરૂ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- એન.પી.ટી.ઈ.એલ.* સ્વયમ: https://nptel.ac.in/courses/110105095
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**મને સ્કેન કરો**

**વેબસાઈટ પર જુઓ**

## સાફલ્ય ગાથા

**સરબાની સેનગુપ્તા** એ નાણાકીય ક્ષેત્રમાં પોતાની કારકિર્દી શરૂ કરી હતી અને આ ઉદ્યોગમાં આવતા પહેલા તેમણે નાણાકીય ક્ષેત્રમાં ૧૦ વર્ષ સુધી કામ કર્યું. તેણીએ અર્થશાસ્ત્રમાં સ્નાતકની પદવી મેળવેલ છે, ત્યારબાદ તેણીએ એસ.વી.કે.એમ.ની નરસીમોંજી ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝમાંથી માર્કેટિંગમાં એમ.બી.એ. કર્યું છે. આજે, તે ડી.એચ.એલ. એક્સપ્રેસ ઈન્ડિયાની ગ્રાહક સેવાના ઉપાધ્યક્ષ છે.*

સ્રોત: http://cargotalk.in/women-in-logistics-making-a-mark/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.